ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૧-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### શંકરાચાર્યનો પુણ્યપ્રકોપ

જગદ્‌ગુરુ આદિ શંકરાચાર્ય દ્વારા સમસ્ત આર્યાવર્તને એક સૂત્રમાં બાંધવાના શુભાશયથી દેશના ચાર ખૂણે ધર્મપીઠોની સ્થાપના કરાઈ ત્યારથી ચાલી આવતી હિંદુ ધર્મની પરંપરા મુજબ શંકરાચાર્ય એ સમસ્ત ધર્માનુયાયીઓના વડા ગણાતા રહ્યા છે. સાધુ સંતો પણ એમની આમન્યા પાળે છે અને પૂજન-અર્ચન કરે છે. દ્વારકાપીઠના વડા અને તમામ શંકરાચાર્યોમાં વયોવૃદ્ધ એવા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીને તો પ્રમુખ સ્વામી અને મોરારીબાપુ પણ પગે જ લાગે. ખ્રિસ્તી ધર્મના આવા ઉચ્ચ ધર્માસન પર બેઠેલા પોપ સમક્ષ જઈને કોઈ પત્રકાર અમેરિકામાં ઓબામા પ્રમુખ બને તો કેવું?- એવા મતલબનો સવાલ પૂછવાની હિંમત કરશે ખરો? અહીં આપણું બંધારણ વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો પુરસ્કાર કરે છે. પરંતુ સાથે જ પત્રકારો અને મીડિયાકર્મીઓએ 'બિટવીન ધ લાઈન્સ' એટલું પણ સમજવું જોઈએ કે ધર્માચાર્યોને રાજકારણ જેવા વિવાદાસ્પદ વિષયમાં નહીં ખેંચવા જોઈએ. સ્વરૂપાનંદ સરસ્વતી સમક્ષ જબલપુરના કોઈ પત્રકારે નરેન્દ્ર મોદી સંદર્ભે પ્રશ્ન કર્યો ત્યારે એ છંછેડાઈ ગયા અને ગુસ્સામાં એને લાફો મારી બેઠા. મધ્યપ્રદેશના વરિષ્ઠ મંત્રી કૈલાસ વિજયવર્ગીયને આ વિશે પૂછવામાં આવતાં એમણે જે વાત કરી એમાં ભાજપની લાચારી તો પ્રગટે જ છે, સાથે જ ધર્માચાર્યો પ્રત્યેનો આદરભાવ પણ વ્યક્ત થાય છે. મંત્રીશ્રીએ કહ્યું કે પૂજ્ય શંકરાચાર્ય મહારાજ તો હિંદુ ધર્મના સર્વોચ્ચ વડા ગણાય. એમના ક્રોધને પણ કૃપા જ ગણવી જોઈએ. એમણે માથે હાથ દઈને આશીર્વાદ આપ્યા હોય એટલી સહજતાથી એમના લાફાને પણ પ્રસાદ માનવામાં જ શ્રેય ગણાય! ભાજપ માટે હિંદુ ધર્મના આ મહાન ધર્માધ્યક્ષ વર્ષોથી શિરોવેદના સમાન રહ્યા છે. તેઓ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ જેવી હિંદુત્વવાદી સંસ્થાઓથી વેગળા રહેતા આવ્યા છે. ધર્માચાર્ય તરીકે તેઓ સ્પષ્ટ માને છે કે રાજકારણમાં ધર્મની ઘાલમેલ કરવાથી ધર્માસન ભ્રષ્ટ થાય છે. પરંતુ આજે તો રામદેવબાબા જેવા યોગના ઉદ્યોગપતિથી લઈ સ્વામી સત્યમિત્રાનંદ ગિરિ જેવા વરિષ્ઠ સંતો ભાજપના ખુલ્લા પ્રચારકો બની ગયા છે. એ બધાના વર્તનવ્યવહારથી એમના જ ધર્માધ્યક્ષ એવા દ્વારકાપીઠના શંકરાચાર્ય કેટલા વ્યથિત હશે તે મીડિયાકર્મીના નરેન્દ્ર મોદી વિશેના સવાલના પ્રત્યાઘાત સ્વરૂપે પ્રતિક્ષિપ્ત ક્રિયાની જેમ લગાવી દીધેલા તમાચાથી સ્પષ્ટ થાય છે. મીડિયા અને લોકશાહીમાં માનનારા વિચારશીલ લોકો ધર્માધ્યક્ષના આ પગલાને વખોડી રહ્યા છે, એ પણ વાજબી છે. પરંતુ સાથે જ, કોઈએક વ્યક્તિ વિશેને આગળ ધરીને આવી અતિપ્રતિષ્ઠિત હસ્તીનો અભિપ્રાય પૂછવામાં આવે ત્યારે શું એ રીઢા રાજકારણીની જેમ મોં મલકાવીને 'નો કોમેન્ટ' કહી શકશે? પત્રકારે પણ સમજવું જોઈતું હતું કે એ કોઈ આમ આદમીને સવાલ નથી પૂછી રહ્યો. શંકરાચાર્ય મોદી વિશે બે શબ્દો સારા બોલી નાખે તો ચેનલો અઠવાડિયા લગી બલકે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પૂરી થાય ત્યાં લગી એ બાઈટ બતાવ્યા કરત. જો મોદી વિશે નકારાત્મક અભિપ્રાય આપ્યો હોત તો પણ એ વિવાદમાં સપડાઈ ગયા હોત. આવા સંજોગોમાં વયોવૃદ્ધ શંકરાચાર્યે છોકરડા જેવા પત્રકારને તમાચો ઝીંક્યો હોય તો એથી દુનિયા ઊંધી વળી જવાની નથી કે દેશની લોકશાહીને, જેનો નરેન્દ્ર મોદી અને ભાજપ પણ એક હિસ્સો કે ભાગ છે- એમને કોઈ મોટું નુકસાન થઈ જવાનું નથી. ક્યારેક ગુસ્સો પણ જરૂરી હોય છે.

શંકરાચાર્ય દ્વારા એમના પુણ્યપ્રકોપ અંગે અપાયેલ ખુલાસો પણ મહત્ત્વનો છે. દાક્તરોએ એમને લોકોથી શક્ય એટલા દૂર રહેવાની સલાહ આપેલી છે. પત્રકારો છેક મોઢામાં મોઢું ઘાલીને વાત કરવા ટેવાયેલા હોય છે. શંકરાચાર્યે એમ પણ કહ્યું છે કે એમને નરેન્દ્ર મોદી કે એમના વિશે પૃચ્છા કરનારા પત્રકાર- કોઈ પ્રત્યે દુર્ભાવ નથી. ન જ હોઈ શકે, તે મીડિયાએ પણ સમજવાની જરૂર છે. મીડિયા ધર્માચાર્યને અને રાજકારણીને એક જ લાકડીએ હાંકે તે વાજબી નથી. ધર્માચાર્ય આખરે ધર્માચાર્ય હોય છે. એમાંય આ તો જગદ્‌ગુરુ શંકરાચાર્ય હતા!

# કડી સર્વ વિશ્વવિદ્યાલય યજમાન પદે આયોજીત ઉપકુલપતિ પરિષદનો સમાપન કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૨૪

એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ સાથે બે દિવસીય વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સ કેમ્બ્વે હોટલ ગાંધીનર ખાતે કડી સર્વ વિશ્વવિદ્યાલયના યજમાન પદે પ્રથમવાર યોજવામાં આવી હતી. જેમાં આજના યુગમાં જયારે પરિવર્તનનો પવન ફૂંકાયો છે ત્યારે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પણ સતત સંશોધન અને તેની નીતીનું નવેસરથી ઘડતર થવું જાઈએ અને સાયન્સ શિક્ષણ સાથે સોશિયલ સાયન્સને પણ ભૂલવું ન જોઈએ અંતર્ગત બે દિવસ વિવિધ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સલર્સે ઉપસ્થિત રહીને પોતાના મંતવ્યો પ્રગટ કર્યા હતા.

કોન્ફરન્સના પ્રથમ દિવસે ઉચ્ચશિક્ષણની સમસ્યાઓ, શિક્ષકનું શિક્ષણ અને તેના ઉપાયો ઉપર એન.સી.ટી.ઈ.ના ચેરમેન ડૉ. સંતોષ પાન્ડા અને નીમ્સ યુનિવર્સિટી મુંબઈના કુલપતિ ડૉ. પી.જી. શ્રોત્રિય અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

કોન્ફરન્સના બીજા દિવસે રોલ ઓફ સ્કીલ ડેવલોપમેન્ટ ઉપર ગુજરાત નોલેજ સોસાયટીના ડૉ. મૃગેન ધોળકિયા અને એન.ટી.ટી.ટી.આર. ભોપાલના ડૉ. આર.જી. ચોકસીએ પોતાના મંતવ્યોમાં આજના સમયમાં માંગની અનુસાર સ્કીલ ડેવલોપમેન્ટ ઉપર વધારે ભાર મૂકવા અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. જ્યારે રોલ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન એન્ડ યુઝ ઓફ આઈ.સી.ટી. વિષય ઉપર ઈગ્નુના ડાયરેકટર ડૉ. આર.પી.સીંઘે પોતાના વ્યકતવ્યમાં જણાવ્યું હતું કે જ્ઞાનના વિકાસ અર્થે કોઈપણ વિષય પર જ્ઞાનનું નિર્માણ કરવું, જે આજના શિક્ષણનું શિરમોર બિંદુ છે. આ માટે ફેસ ટુ ફેસ શિક્ષણનું બેલેન્સ કરવું ખૂબ જ આવશ્યક છે.

આયોજિત કોન્ફરન્સના સમાપન પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડૉ. ડી.ટી.કાપડીયા, નેશનલ યુનિવર્સિટી જયપુરના ડાયરેકટર ડૉ. કેયુર શાહ, ડૉ. બી.એસ. ચૌહાણ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના રજીસ્ટાર એસ.કે. મંત્રાલા ઉપસ્થિત રહ્યા હતા. કેયુર શાહે સમાપન પ્રસંગે આઈડીયા ઑફ ઈકવીટી હાયર એજયુકેશન, ફિલોસોફિકલ કલેકટીવ કોન્સીસીયસ અને ડેમોક્રેસી ઈકવીટી વિશે પોતાના મંતવ્યો પ્રગટ કર્યા હતા. જયારે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલાએ એઆઈયુના આયોજકો અને તમામ યુનિવર્સિટીઓમાંથી પધારેલા વાઈસ ચાન્સેલર્સનો આભાર વ્યકત કર્યો હતો.

# આજે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી દ્વારા દલિત સાહિત્ય સેવા માટેના એવોર્ડ એનાયત થશે

***સર્વ શ્રી ડો. રાજન પ્રિયદર્શી, બાબુ દાવલપુરા, પ્રીતમ લખલાણી, પ્રાગજીભાઈ બામ્ભી, ડો. ડી.એમ. ભદ્રેસરિયા, પી.કે. વાલેરા, ડો. રતિલાલ રોહિત અને નટુભાઈ પરમાર થશે સન્માનિત***

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતી દલિત સાહિત્યની સેવામાં સતત કાર્યરત ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી અમદાવાદના ઉપક્રમે આવતીકાલ તા. ૨૫-૧-૨૦૧૪ના રોજ, ગુજરાતી સાહિત્ય પરિષદ ભવન, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે સાંજે પાંચ વાગ્યે, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી (ઉત્તર ગુજરાત) પાટણના પૂર્વ ઉપકુલપતિ ડૉ. મહાવીરસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં વિવિધ એવોર્ડ અર્પણવિધિ સંપન્ન થનાર છે.

ઉદ્‌ઘોષક પ્રો. આર.કે. કાળે, ઉપકુલપતિશ્રી, સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગર અને વરિષ્ઠ સનદી અધિકારી ડૉ. પી.ડી. વાઘેલા, સાહિત્યકારો સર્વશ્રી ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રીતમ લખલાણી યુએસએ- પ્રવીણ ગઢવી, અધ્યક્ષ ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત આ એવોર્ડ અર્પણ સમારોહમાં મણિદેવર્ષિ શ્રેષ્ઠ પત્રકારત્વ માટેનો એવોર્ડ ડૉ. રાજન પ્રિયદર્શીને સવાઈ દલિત સાહિત્ય સમર્થકનો કાનન મહેતા એવોર્ડ વિવેચક શ્રી બાબુ દાવલપુરાને, શ્રેષ્ઠ દલિત કવિતા માટેનો શ્રીમતિ લીલાવતી ચીમનલાલ મહેતા એવોર્ડ કવિ શ્રી પ્રીતમ લખલાણીને, શ્રેષ્ઠ દલિત નવલકથા માટેનો શ્રી ચીમનલાલ કરસનદાસ મહેતા એવોર્ડ શ્રી પ્રાગજીભાઈ ભામ્ભીને, શ્રેષ્ઠ દલિત વિવેચન માટેનો શ્રીમતિ કાન્તાબેન નાથાલાલ શાહ એવોર્ડ ડૉ. ડી.એમ. ભદ્રેસરિયાને, શ્રેષ્ઠ દલિત આત્મકથા માટેનો શ્રી નાથાલાલ અમથાલાલ શાહ એવોર્ડ શ્રી પી.કે. વાલેરાને જ્યારે દલિત સાહિત્ય ગૌરવ માટેનો વિમળાબેન ચીમનલાલ શાહ એવોર્ડ ડૉ. રતિલાલ રોહિતને અને સ્વ. દેવીબેન રણછોડભાઈ પટેલ એવોર્ડ શ્રી નટુભાઈ પરમારને એનાયત થશે. એમ ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી - અમદાવાદની યાદીમાં શ્રી હરીશ મંગલમ્ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ગાંધીનગર ખાતે આજે રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવણી સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ભારતના ચૂંટણી પંચના આદેશાનુસાર લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં વધુને વધુ નાગરિકો ભાગીદાર થાય તે હેતુથી તા. ૨૫મી જાન્યુઆરી જે ચૂંટણી પંચનો સ્થાપના દિવસ છે તેને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ સંદર્ભે ગાંધીનગર જિલ્લામાં પણ રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજય કક્ષાની ઉજવણી કરાનાર છે.

ગુજરાત રાજયના માન. મહામહિમ રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાની ઉપસ્થિતિમાં તા. ૨૫-૧-૨૦૧૪ શનિવારના રોજ ટાઉનહોલ, સે-૧૭, ગાંધીનગર ખાતે સવારના ૧૧.૦૦ કલાકે આ ઉજવણી સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગુજરાત રાજયના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રીમતી અનિતા કરવાલ, વરિષ્ઠ સચિવશ્રીઓ-અધિકારીશ્રીઓ મહાનુભાવો અને વરિષ્ઠ અને યુવા મતદારો ઉપસ્થિત રહેશે.



આ એજ શહીદ સ્મારક છે જ્યાં આદિવાસી સભા દરમ્યાન બ્રિટીશ રેસીડેન્સીના સૈનિકોએ ૧૨૦૦ જેટલા આદિવાસીઓને બંદૂકની ગોળીથી નિર્દય રીતે રહેસી નાખ્યા હતા. આદિવાસી શહીદોની યાદમાં ચિતરીયા ગામમાં શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સદ્‌ગુરૂ શ્રી ભગવતી પ્રીયદાસજી સ્વામી તેમજ હરિભક્તોએ શ્રદ્ધાંજલિ પાઠવી ૧૨૦૦ વૃક્ષો વાવી ઉજવણી કરી હતી.

## હરિની દૃષ્ટિ...




*સાહેબ, મારે તમારી પત્રકારની નોકરી નથી કરવી, હવે તો બહાર કોઈને કાંઈ પણ પુછીએ છીએ તો માર જ પડે છે!!*

## એમ.બી. પટેલ સ્કુલમાં એન્ટરટેઈનમેન્ટ સ્પોર્ટસ ડે યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

કડી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ હાયર સેકન્ડરી સ્કુલ સે-૨૩ ખાતે ગઈ તા. ૨૨ના રોજ ભવ્ય એન્ટરટેઈનમેન્ટ સ્પોર્ટસ ડે યોજવામાં આવ્યો હતો. સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ હાયર સેકન્ડરી સ્કુલ ખાતે સ્પોર્ટસ ડે યોજવામાં આવ્યો હતો. સ્પર્ધા ચાર વિભાગમાં યોજવામાં આવી હતી.

જેમાં માઈન્ડ બ્લોઈંગ, મેગ્નેટીક બોન્ડ, મેમરી બીલ્ડર અને મેજીકલ બ્લેસીંગ, બલૂન બ્લોઈંગ, લેમન સ્પુન રેસ, સંગીત ખુરશી યોજવામાં આવી હતી. વિજેતાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ શાળાના વિદ્યાર્થીઓ પરેડ પ્રદર્શનમાં મુખ્યમંત્રીને ત્રણ વાર એસ્કોર્ટ કરી ચૂકયા છે.

## સ્માર્ટ કિડઝ સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની સ્માર્ટ કિડઝ નર્સરી સ્કૂલ દ્વારા આજે સંસ્થાના ભૂલકાઓ માટે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરના સે-૧માં આવેલ સ્માર્ટ કિડઝ નર્સરી સ્કૂલના ભૂલકાના મનોરંજન માટે સંસ્થા તરફથી તા. ૨૫મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ સાંજે ૫ કલાકે ટાઉન હોલ સે-૧૭ ગાંધીનગર ખાતે વાર્ષિકોત્સવ યોજાશે. જેમાં સ્કૂલના ભૂલકાંઓ, ગીત, નાટક, સોલો ડાન્સ વગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરશે તેમ આયોજકોએ જણાવ્યું છે.

## *શહેરમાં જીનીયસ ઓફ ગાંધીનગર સ્પર્ધા યોજાઈ*

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં સૌ પ્રથમ વખત જીનીયસ ઓફ ગાંધીનગર સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધા ગઈ તા. ૨૩મી જાન્યુઆરીના રોજ ડી.પી.એસ. ખાતે યોજવામાં આવી હતી.

સૌ પ્રથમ વાર શહેરમાં યોજાયેલ જીનયીસ ઓફ ગાંધીનગર સ્પર્ધાનું આયોજન હાર્દિક પરીખ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિષયક સવાલો પુછવામાં આવ્યા હતા. સ્પર્ધામાં પાંચ હજાર વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્પર્ધામાં પ્રથમ સ્થાને ડી.પી.એસ.નો વિદ્યાર્થી અર્ચિસ થયો હતો. તેને સંસ્થા તરફથી ઈનામમાં ટેબલ્ટ, સર્ટીફીકેટ અને સ્કોલરશીપ આપવામાં આવી હતી. સ્પર્ધામાં પરિધી ત્રિવેદી, પ્રિન્સીપાલ, રાની ચૌધરી સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણીના કાર્યક્રમનું રિહર્સલ યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય પર્વ -જાસત્તાક દિન- ૨૬ જાન્યુઆરી-૨૦૧૪ની જિલ્લા કક્ષાની ઉજવણી રાષ્ટ્રભકિતસભર વાતાવરણમાં માણસાની એસ.ડી.આર્ટસ એન્ડ બી.આર.કોમર્સ કોલેજ ખાતે થનાર છે. આજરોજ -જાસત્તાક દિન ઉજવણીના કાર્યક્રમનું રિહર્સલ જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપની ઉપસથિતિમાં યોજાયું હતું. શ્રી પી.સ્વરૂપે સમગ્રતયા વ્યવસ્થા - આયોજન, પરેડ - માર્ચ પાસ્ટ, ટેબ્લોઝ નિદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિરીક્ષણ કર્યુ હતું. આ -સંગે જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, નાયબ કલેકટર શ્રી ગુણવંતસિંહ સોલંકી તેમજ જિલ્લાના સબંધિત અધિકારીઓ-કર્મચારીઓ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસથિત રઙ્ગાં હતા. ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓનાં બાળકોએ પૂર્વ તૈયારીના ભાગરૂપે રાષ્ટ્રભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમો -સ્તુત કર્યા હતા.

# નવલકથા 'સિદ્ધાર્થ'નો સમાવેશ વ્યાપક પણે સૌથી વધુ વંચાતી નવલકથાઓમાં થાય છે, ૧૯૪૬માં આ નવલકથાને સાહિત્યક્ષેત્રનો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયો


## *જર્મન નવલકથાનો સંસ્કૃત અનુવાદ - અહો આશ્ચર્યમ્*

*રશ્મિકાન્ત મહેતા*

આંતરાષ્ટ્રીય સાહિત્યનાં ક્ષેત્રની એક આશ્ચર્યકારક ઘટના એકદમ તાજેતરમાં ઘટી છે તેની નોંધ લેતાં આનંદ થાય છે. સંસ્કૃત ભાષા મૃતભાષા ક્યારેય રહી નથી. જર્મન ભાષા જાણે કે એની વિદેશી પિતરાઈ બહેન છે. ભારતીય પૃષ્ઠભૂમિક ઉપર જર્મનમાં નવલકથા લખાયેલી છે. તેનો સંસ્કૃતમાં અનુવાદ અમદાવાદ ખાતેથી એક જૈનમુનિ દ્વારા થયો છે એનું પરામર્શન ત્રણ આચાર્ય ભગવન્તોએ કર્યું છે અને ગયે મહિને તે ગોધરાથી પ્રકાશિત થયો છે.

યુદ્ધખોર માનસ ધરાવતી યુરોપિયન પ્રશ્ન સામે હેરમન હૈસ (Jermahn Hasse)એ રોમા રોલાં સાથે રહીને આક્રોશ ઠાલવ્યો. ઈ.સ. ૧૯૨૨માં બર્લિનથી એમણે 'સિદ્ધાર્થ' નવલકથાને લખી શાંતિ, અહિંસા દ્વારા સંવાદ સ્થાપવાનો સફળ પ્રયત્ન આ નવલકથાના કલાત્મક માધ્યમથી આપ્યો. એનો પૂર્વાર્ધ એમણે રોમા રોલાંને અર્પણ કર્યો. ગાંધીજી રોમારોલાંથી પ્રભાવિત હતા. પ્રા. થરમને (Tharman) હૈસને 'સાહિત્યક્ષેત્રના ગાંધી(Literary Gandhi)નું બરૂદ આપ્યું. થરમન પોતે ૪૦ વર્ષથી દલાઈલામાના મિત્ર છે. યુરોપના ઉત્તમ પથદર્શક તરીકે હૈંસની પ્રતિષ્ઠા હતી. નવલકથા 'સિદ્ધાર્થ'નો સમાવેશ વ્યાપક પણે સૌથી વધુ વંચાતી નવલકથાઓમાં થાય છે. ૧૯૪૬માં આ નવલકથાને સાહિત્યક્ષેત્રનો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયો. સ્વીડીશ અકાદમીએ બે બાબત લક્ષ્યમાં લીધી:

(૧) કલાત્મક અભિવ્યક્તિ
(૨) વ્યક્ત થતો શાન્તિનો સંદેશ.




ખરા અર્થમાં આ 'ભારતીય ગદ્યકાવ્ય' છે. આજ વર્ષમાં ફ્રેન્કફર્ટમાંથી આ નવલકથાને ગોએથે (Goethe) પુરસ્કાર મળ્યો. કથા સિદ્ધાર્થ નામના બ્રાહ્મણ યુવકની છે. જીવનમાં પારમાર્થિક સુખ અને શાશ્વત શાંતિ એને મેળવવા છે. પ્રકૃતિએ તે શકયમુનિ ગૌતમ બુદ્ધ જેવો જ છે. તે તો વાસના જન્ય કામોપભોગ અને ભૌતિક સંપત્તિનો માર્ગ પણ અનુભવી લે છે, પરંતુ તેમાં સફળ થતો નથી. અંતે તે ગૌતમ બુદ્ધને શરણે જાય છે. અહીં તેને જેવા પ્રકારનાં સુખ અને શાંતિની અપેક્ષા હતી તે મળી રહે છે. પ્રા. થરમનને લાગે છે કે નવલકથાનો આ સંદેશ આજે ૮૦ વર્ષ પછી પણ એટલો જ પ્રસ્તુત છે.

આ નવલકથાનો સૌ પ્રથમ અંગ્રેજી અનુવાદ ઈ.સ. ૧૯૫૧માં પ્રકાશિત થયો. આ અનુવાદ હિલ્ડા રોસનેર દ્વારા થયેલો છે. મૂળને વફાદાર રહીને થયેલો આ પ્રામાણિક અનુવાદ છે. જૈન મુનિ કલ્યાણ કીર્તિવિજયજી ચાર્તુમાસ અર્થે સાબરમતી (અમદાવાદ)માં હતા ત્યારે એમણે આ નવલકથાનો સંસ્કૃતમાં ભાવાનુવાદ સંપન્ન કર્યો. આ અનુવાદ શ્રી મહાવીર સ્વામી નિર્વાણકલ્યાણક પર્વ (દિવાળી) વિ.સં. ૨૦૬૯ના રોજ સમાપ્ત થયો. આ અનુવાદને ત્રણ આચાર્ય ભગવન્તોએ પ્રમાણી આપ્યો. આચાર્યશ્રા વિજયશીલ ચન્દ્રસૂરી, ઉપાધ્યાયશ્રી ભુવનચંદ્રજી અને મુનિ કીર્તિચંદ્રજી આનું પ્રકાશન ગોધરાથી શ્રી ભદ્રંકરોદય શિક્ષમ ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૨૦૧૩ના અંત ભાગે થયું. હિલ્ડા રોસનેરનાં અંગ્રેજી અનુવાદનો આધાર અહીં લેવામાં આવ્યો છે. સાથોસાથ આમાં સુરતના નૈનેશ સરૈયાનાં પ્રસંગોને અનુરૂપ રેખાંકનો છે. મહત્વની વિશેષતાએ છે કે અહીં સંસ્કૃત ભાષા એકદમ સરળ અને જરાપણ દુર્બોધ નથી. જેમ કે જગત્યસ્મિન પ્રેમ એવ શ્રેષ્ઠઃ પદાર્થઃ । (આ જગતમાં પ્રેમ જ શ્રેષ્ઠ પદાર્થ છે.) સ્વીયો માર્ગ સ્વયમેવ શોધયિતવ્યઃ (પોતાનો રસ્તો પોતાની જાતે જ શોધવાનો) આ પ્રકારની વિશ્વ પ્રસિદ્ધ પ્રશિષ્ટ નવલકથાને સરળ સંસ્કૃતમાં ઉતારી આપવા નિમિત્તે પૂ. મુનિ કલ્યાણકીર્તિવિજયજીને પ્રણાન સાથે અભિનંદન.

સંદર્ભગ્રંથ –
(૧) સિદ્ધાર્થ મુનિ કલ્યાણકીર્તિ વિજય
(૨) Siddharth : Rika Lesser
(૩) સિદ્ધાર્થ : રવીન્દ્ર ઠાકોર
(૪) સિદ્ધાર્થ એક કલાસિક કૃતિ : દિપક સોલિયા ????